# માલપુરના રીંછવાડ ગામના બામણી તળાવની પાળ તોડી નખાતા ગ્રામજનોમાં આક્રોશ

માલપુર, તા. ૨૮

માલપુર તાલુકાના રીંછવાડ ગામે આવેલા વર્ષો જુના તળાવની ગામના જ એક શખ્સ દ્વારા વેસ્ટ વેવની દિવાલ રાતોરાત જેસીબી મશીનથી તોડી પડાતા આ ઘટનાની



જાણ ગામ લોકોને થતા વિસ્ટ વેવ દિવાલ તોડનાર શખ્સ સામે આક્રોશ ફેલાયો હતો. જે અંગે ગ્રામજનોએ જિલ્લા કલેક્ટરને વિસ્ટ વેવ તોડી નાખનાર શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે અને ચોમાસુ નજીક છે ત્યારે વરસાદથી તળાવમાં ભરાયેલ પાણી નીકળી ન જાય તે માટે ફરીથી વેસ્ટ વેવની દિવાલ મંજૂર કરી આપવામાં આવે જેથી ગ્રામજનોનો શિયાળુ અને ઉનાળામાં પીવાના પાણી અને ખેતી માટે મદદરૂપ થઈ શકે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૩૦ જૂને પાણી પુરવઠાની એસકે-૨, એસકે-૩ અને એસકે-૧ યોજનાનુ લોકાર્પણ કરવા આવી રહ્યા છે અને અરવલ્લી જિલ્લામાં આ ત્રણેય યોજનાઓ હેઠળ તબક્કાવાર પાણીના સંકટમાંથી ઉગારવા સતત પ્રયત્નશીલ છે. ત્યારે બીજીબાજુ અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના રીંછવાડ ગામે આવેલા વર્ષો જુના બામણી તળાવ પર ૨૦ વર્ષ પહેલા બાંધેલી વેસ્ટ વેવની દિવાલ ગામના જ રાકેશભાઈ લવજીભાઈ પટેલ નામના શખ્સ દ્વારા રાત્રીના સમયે માલપુરથી જેસીબી મશીન બોલાવી ૨ ટ્રેક્ટર દ્વારા રાત્રીના સમયે ૫૦ મીટર લંબાઈ ૫ ફૂટની ઊંડાઈ અને ૬ ફૂટ પહોળાઈમાં ખોદકામ કરી તોડી નખાતા તળાવમાં ચોમાસાની ઋતુમાં ભરાતુ પાણી વહી જશે જેથી ગ્રામજનોમાં પાણીની તંગી પેદા થવાની સાથે આજુબાજુના ગામના કૂવાઓ અને બોર તળાવમાં ભરેલા પાણીથી રીચાર્જ થતા હોવાથી તળાવમાં પાણી નહિ ભરાય તો ગ્રામજનોની ખેતી અને પીવાના પાણી માટે આગામી સમયમાં માઠી અસર પહોંચશે અને પીવાના પાણીની તીવ્ર તંગી સર્જાવાના એંધાણ પેદા થતા ગ્રામજનોએ રીંછવાડ ગ્રામ પંચાયતના લેટર પેડ પર અરવલ્લી જિલ્લા કલેક્ટર શાલીની અગ્રવાલને લેખીત જાણ કરી બામણી તળાવ પર તોડી પાડવામાં આવેલા વેસ્ટ વેવ તાત્કાલીક મંજૂર કરી નવો આરસીસી વેસ્ટ વેવ બનાવી આપવા અને વેસ્ટ વેવ તોડી નાખનાર પટેલ રાકેશકુમાર લવજીભાઈ સામે અને વેસ્ટ વેવ તોડવા માટે વપરાયેલ જેસીબી (નં. જીજે૯-એએફ.૦૭૯૩) અને બે ટ્રેક્ટર, પટેલ શાંતીભાઈ વાલાભાઈ (રહે. નવા તખતપુરા) અને પટેલ પ્રવિણભાઈ ધુળાભાઈ ગામ ચુફરી સામે યોગ્ય શિક્ષાત્મક અને દંડાત્મક પગલા ભરવાની માંગ કરી હતી.





# ગાંધી સ્મારક મહાદેવગ્રામથી મરડીયા સુધી ભાજપની ભવ્ય પદયાત્રા યોજાઈ

અરવલ્લી જિલ્લામાં આગામી ૩૦મી જૂને મોડાસામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવી રહ્યા છે ત્યારે તે અગાઉના કાર્યક્રમોના ભાગરૂપ બુધવારે સાંજના ૪ વાગ્યાના સુમારે મોડાસા તાલુકાના મહાદેવગ્રામ (બાકરોલ) નજીકના હથીયા ડુંગર પર આવેલા ગાંધી સ્મારક (મીની રાજઘાટ)થી મરડીયા સુધી ભવ્ય પદયાત્રા યોજાઈ હતી. જેમાં ગુજરાત પ્રદેશના ભાજપાના અગ્રણીઓ અને અરવલ્લી જિલ્લા ભાજપાના અગ્રણીઓ, યુવાઓ અને મહિલાઓ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. પદયાત્રાનુ વાઘોડીયા અને જીતપુરમાં ગ્રામજનો દ્વારા ભવ્ય સ્વાગત કરાયુ હતુ. મોડાસા તાલુકાના મહાદેવગ્રામ (બાકરોલ) નજીક આવેલા હથીયાના ડુંગર પર ગાંધી સ્મારક (મીની રાજઘાટ)થી મરડીયા હાઈસ્કૂલ સુધી ભવ્ય પદયાત્રા યોજાઈ હતી. વરસાદી માહોલ અને કાળા ડિબાંગ વાદળો વચ્ચે પણ મોટી સંખ્યામાં ભાજપાના કાર્યકરો દ્વારા ૪ વાગે ભવ્ય પદયાત્રા યોજાઈ હતી. જેમાં રાજ્યના આરોગ્ય પ્રધાન શંકરસીંહ ચૌધરી, પ્રદેશ પ્રવક્તા ભરતભાઈ પંડ્યા, પ્રદેશ મહામંત્રી કે.સી. પટેલ, જિલ્લા પ્રભારી હર્ષદગીરી ગોસ્વામી, ગુજરાત મીલ્ક ફેડરેશન લી. અને સાબરડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલ, સાબરકાંઠા બેંક સહકારી લી.ના ચેરમેન મહેશભાઈ પટેલ, જિલ્લા પ્રમુખ રણવીરસીંહ ડાભી, મોડાસાના મેયર વનિતાબેન પટેલ, પૂર્વ ધારાસભ્ય દીલીપસીંહ પરમાર, અરવલ્લી જિલ્લા ખરીદ વેચાણ સંઘ લી.ના ચેરમેન પ્રભુદાસ પટેલ, યુવા મોરચાના પ્રશાંત પટેલ, દેવલ ત્રિવેદી, નિલેષભાઈ જોષી સહિત મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. પદયાત્રા મરડીયા હાઈસ્કૂલમાં પૂર્ણ થયા બાદ સભાસ્થળમાં ફેરવાઈ હતી.



મોડાસામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૩૦ જૂને મોડાસા આવી રહ્યા છે ત્યારે સઘન સુરક્ષાના ભાગરૂપે સરકારી ઈજનેરી કોલેજની પાછળ બનાવેલા હેલિપેડ પર આજે બે હેલિકોપ્ટર દ્વારા ઉતરાણ કરી સ્થળ તપાસ કરી પરત ફર્યા હતા. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મોટાભાગની તૈયારીઓ આટોપી લેવામાં આવી છે. જિલ્લા વહીવટ તંત્ર અને મોડાસા નગરપાલિકા તંત્ર વડાપ્રધાન મોદીને આવકારવા સજ્જ બની ગયા છે.

# પાલનપુરમાં માર્બલની ફેક્ટરી પર સેલટેક્ષની ટીમ ત્રાટકતા વેપારીઓમાં ફફડાટ

પાલનપુર, તા. ૨૮

પાલનપુરમાં માર્બલની ફેક્ટરીમાં સેલટેક્ષની ટીમના દરોડા પડતા વેપારીઓની ઉંઘ હરામ થઈ ગઈ છે. ગઈકાલે સેલટેક્ષ વિભાગ ટીમે માર્બલના વેપારીઓના ત્યાં દરોડા પાડતા સવારના ચાર વાગ્યા સુધી સર્ચ ઓપરેશન ચાલ્યુ હતુ. જો કે આજે પણ માર્બલની ફેક્ટરી પર સેલટેક્ષની રેડ ચાલુ છે જેના લીધે વેપારીઓમાં ફફડાટ મચી ગયો છે.

૧ જુલાઈથી સમગ્ર ભારતમાં જીએસટીનો કાયદો લાગુ પડે તે



પહેલા મહેસાણા, બનાસકાંઠા સહિત અન્ય જિલ્લાની સેલટેક્ષ ટીમે પાલનપુર માર્બલની ફેક્ટરી પર બે દિવસથી ધામા નાખ્યા છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ પાલનપુર આબુ હાઈવે પર આવેલ દિવ્યા માર્બલ, વિમલ સુપર સ્ટોન પ્રાઈવેટ લીમીટેડ, ઉમા ગ્રેનાઈટ એન્ડ માર્બલ, ગ્રીન માર્બલ એન્ડ ગ્રેનાઈટ, શ્રીનાથ માર્બલ, આદિત્ય માર્બલ સહિત અન્ય માર્બલની ફેક્ટરીમાં સેલટેક્ષના દરોડા પડ્યા હતા. જ્યાં સેલટેક્ષ અધિકારીઓએ માર્બલનુ વેપાર કરતા વેપારીના ત્યાં ખરીદ વેચાણના બીલની તપાસ, હાજર સ્ટોકની મીહિતી તેમજ બિનહિસાબી સાહિત્યની તપાસ હાથ ધરી હતી. બે દિવસથી ચાલી રહેલા દરોડાની જાણકારી સેલટેક્ષ વિભાગ તરફથી પ્રાપ્ત થઈ નથી. જો કે પાલનપુર આબુ હાઈવે પર અંદાજીત ૧૦૦થી વધુ માર્બલની ફેક્ટરીઓ આવેલી છે જેનું કરોડોનું વર્ષે દહાડે વેપાર થાય છે પરંતુ ૧ જુલાઈથી જીએસટી કાયદો અમલ થયા બાદ માર્બલના વેપાર પર ભારત સરકાર દ્વારા ૨૮ ટકા ટેક્ષ ઝીંકતા માર્બલના ધંધો મરણ પથારીએ જાય તેવી સંભાવના વર્તાઈ રહી છે.

# સાબરકાંઠાના આઠ સિદ્ધિ પ્રાપ્ત અનુસૂચિત જાતિ-જનજાતિના શિક્ષકોનું સન્માન

તલોદ, તા. ૨૮

અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકાના ઝાંઝરકા ખાતે યોજાયેલા રાજયના અનુસૂચિત જાતિ-જનજાતિના શિક્ષકોના સન્માન સમારોહમાં ગુજરાતના તમામ તાલુકા-જિલ્લા અને રાજ્યના પ્રથમ આવેલ ૩૦૩ શ્રેષ્ઠ શિક્ષકોનુ સન્માન કરાયુ હતુ.

સંત સર્વગુણ ધામ ઝાંઝરકાના ગાદીપતિ મહંત અને સાંસદ શંભુનાથજી મહારાજ અને હરિદ્વારના આચાર્ય મહામંડલેશ્વર સ્વામી અવધેશાનંદજી મહારાજ, હિન્દુ ધર્મ આચાર્ય સભાના પરમ પૂજ્ય સ્વામી પરમાત્માનંદજી મહારાજ, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, શિક્ષણમંત્રી ચુડાસમા વગેરે મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં સાબરકાંઠા જિલ્લાના ૮ વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત શિક્ષકોને સન્માનિત કરવામાં આવ્યા હતા તે પૈકી તલોદ તાલુકાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે મહિયલ પ્રા. શાળાના આચાર્ય ઈશ્વરભાઈ સોમાભાઈ રાઠોડ અને પ્રાંતિજ તાલુકાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે અંબાવાડા પ્રા. શાળાના આચાર્ય નરેશભાઈ બલ્લુભાઈ સોલંકીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આથી ધનંજય સોસાયટી-તલોદ અને બાવીસા પરગણાં વણકર સમાજ ગૌરવની લાગણી અનુભવે છે.

# કાંકરેજ તાલુકામાં ૧૯૯૨માં થયેલ કેસમાં વિશ્વ હિન્દુ પરિષદના ૧૩ કાર્યકરોને નિર્દોષ જાહેર

કાંકરેજ, તા. ૨૮

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના શિહોરી બહુચરમાતાના મંદિર પાસે વર્ષ ૧૯૯૨માં વિશ્વ હિન્દુ પરિષદ અને ભાજપના કાર્યકરોએ સભા યોજી એક આવેદનપત્ર આપવા માટે રેલીનું આયોજન કરેલ જ્યાં સૂત્રોચ્ચાર કરતા આ ૨૦ જેટલા કાર્યકરો ઉપર શિહોરીના પીએસઆઈ બી.જી. બારડે લાઠીચાર્જ કર્યો હતો અને ૨૦ જેટલા કાર્યકરો ઉપર કેસ દાખલ કર્યો હતો. જેને ૨૫ વર્ષના વાણાં વાઈ ગયા જેમાં કેટલાક આરોપીઓ મરણ ગયેલા અને આજરોજ તા. ૨૮-૬-૨૦૧૭ના રોજ શિહોરી જ્યુડીસીયલ કોર્ટના મેજીસ્ટ્રેટ ડી.જી. વાઘેલાની કોર્ટમાં કેસ ચાલી જતાં ૧૩ આરોપીઓનો નિર્દોષ છુટકારો થવા પામ્યો હતો. વકીલ એ.વી. શાહની દલીલોને ધ્યાને રાખી વી.એચ.પી. અને ભાજપના ૧૩ કાર્યકરોનો નિર્દોષ જાહેર કરાતા ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. આમ ૨૫ વર્ષ પહેલા થયેલ કેસનો ચુકાદો શિહોરી કોર્ટમાં આવતા થરા એપીએમસી ચેરમેન અણદાભાઈ પટેલ, ભારતસિંહ ભટેસરીયા, જય પ્રકાશ ઠાકર, કનુભાઈ સોની, સુરેશભાઈ જોષી, મહેન્દ્રભાઈ જોષી, ડૉ. ગીરીશભાઈ સોની, ડૉ. રંકપાલભાઈ સહિત દિનેશ રાવલ, કિશોર ઠક્કર સહિત ૧૩ આરોપીઓનો નિર્દોષ છુટકારો થતાં સૌએ હાશકારો લીધો હતો અને એક સત્યની જીત થઈ હોવાનુ જણાવ્યુ હતુ. આમ શિહોરી જ.યુ. કોર્ટમાં ૧૩ વિએચપી ભાજપના કાર્યકરો નિર્દોષ છોડાયા હતા.

## ખોડંગાયું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બેંકોમાંથી નબળા વર્ગના ધિરાણમાં પણ ઘટાડો જોવા મળ્યો હોવાની બાબતે જિલ્લા કલેક્ટરે ગંભીર નોંધ લીધી હોવાનું પણ જાણવા મળેલ છે.

બેંક એકાઉન્ટ સાથે આધારકાર્ડનું સીડીંગ કરવામાં સારી પ્રગતિ જોવા મળી છે. જિલ્લામાં પ્રધાનમંત્રી જનધન યોજના અંતર્ગત ૨,૪૧,૩૫૦ બેંક ખાતાંઓ ખુલ્યા છે. જે પૈકી ૧,૩૭,૭૮૯ ખાતાઓને આધારકાર્ડ સાથે સાંકળી લેવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી જનધન યોજના અંતર્ગત આ ખાતાઓમાં રૂ. ૬૧ કરોડ જેટલી રકમ જમા થવા પામી છે. જનધન યોજના અંતર્ગત માર્ચના અંતે ૨૦૦ જેટલા ખાતાધારકોને પાસબુક આપવાની બાકી હોવાનું પણ ધ્યાને આવ્યું છે.

સામાજીક સુરક્ષા યોજનાઓ

જિલ્લામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાહેર કરેલ ત્રણ પૈકી પ્રધાનમંત્રી સુરક્ષા બીમા યોજનાને સારો પ્રતિસાદ સાંપડ્યો છે. ત્રણ વર્ષમાં આ યોજનામાં ૨,૩૪,૨૬૭ લોકો જોડાયા છે. જ્યારે પ્રધાનમંત્રી જીવન જ્યોત બીમા યોજનામાં સુરક્ષા બીમા યોજનાની સરખામણીમાં ૫૦ ટકા જેટલો જ પ્રતિસાદ સાંડ્યો છે. જીવનજ્યોત બીમા યોજનામાં ૧,૧૬,૫૮૬ લોકો જોડાયા છે. સૌથી નબળો પ્રતિસાદ અટલ પેન્શન યોજનાને સોંપડ્યો છે. જેમાં માત્ર ૯૦૭૫ લોકો જ જોડાયા છે.

મુદ્રા યોજના ધીમીગતિએ આગળ વધી રહી છે. જિલ્લામાં ૬૭૧૧ ખાતાઓ આ માટે ખુલ્યા છે અને ૬૫ કરોડ જેટલુ ધિરાણ આપવામાં આવ્યુ છે.

જિલ્લાની બેંકોમાં એન.પી.એ.ના પ્રમાણમાં પણ વૃદ્ધિ જોવા મળી છે. જે ૧.૬૫ ટકા પર પહોંચી છે. બેંકોએ હવે તેમનુ ધ્યાન રિકવરી માટે વધુ કેન્દ્રીત કર્યું છે.

આમ જિલ્લાનું અર્થતંત્ર નોટબંધી પછી ખોડંગાઈ જવા પામ્યુ છે અને તેની સીધી અસર જિલ્લાના વિકાસ પર જોવા મળી રહી છે.

## ગ્રામસભા યોજાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમણે જણાવ્યુ હતુ કે વિધાનસભાની ચૂંટણી પહેલાં આ મતદારયાદી સુધારણા ઝુંબેશ અતિ મહત્વની છે. આ યાદીમાં સામેલ મતદારો જ મતદાન કરી શકશે. પહેલીવાર રાજકીય પક્ષોને પણ બુથ લેવલ એજન્ટની નિમણુંક કરી અને મતદારયાદી સુધારણા ઝુંબેશમાં તેવો મદદરૂપ થાય તેવી અપીલ કરવામાં આવી છે.

આ વખતની ઝુંબેશમાં પણ યુવા અને મહિલા મતદારોની નોંધણી પર વિશેષ ભાર મુકવામાં આવશે. એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લામાં આ ઝુંબેશ દરમ્યાન ૩૦ હજાર જેટલા નવા નામો નોંધાશે તેવો અંદાજ છે.

તેમણે જણાવ્યુ હતુ કે ૯/૭, ૧૬/૭ અને ૨૩/૭ ના દિવસોમાં ખાસ ઝુંબેશ કરી રહી ગયેલા મતદારોના નામ નોંધવાની પ્રક્રિયા જે તે મતદાન મથક પર કરવામાં આવશે. ઠક્કરે જણાવ્યુ હતુ કે આ માસ દરમ્યાન મતદાર જાગૃતિ અભિયાન પણ યોજવામાં આવશે. મતદારયાદીની આખરી પ્રસિદ્ધિ ૨૫-૯-૨૦૧૭ના રોજ કરવામાં આવશે અને તે મતદારયાદીમાં નોંધાયેલા મતદારો મતદાન કરી શકશે.

ઠક્કરે જણાવ્યુ હતુ કે નવી મતદારયાદી ફોટાવાળી હશે. સમગ્ર ઝુંબેશ દરમ્યાન બી.એલ.ઓ. દરેક ઘરે જશે અને ચકાસણી કરશે. તેમણે એક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ કે મતદારયાદી સુધારણામાં માન્ય રાજકીય પક્ષોની ભાગીદારી વધે તે હેતુસર બી.એલ.એ.ની નિમણુંકની જોગવાઈ પણ કરવામાં આવી છે. આ અંગે રાજકીય પક્ષોને ઝડપથી નામો ફોર્મ ભરીને આપવા માટે જણાવવામાં આવ્યું છે.

## સ્ટેડિયમ તોડવાનું...

● ત્રીજા પાનાનું ચાલુ

લેવાની અનિવાર્યતા ઉભી થઈ છે. ક્રિકેટ મેદાન નજીકથી વર્ષો જુની જીમખાનાના બોરને અનુલક્ષી પાણીની લાઈન પસાર થઈ રહી છે. સુત્રોના જણાંવ્યા મુજબ આ લાઈન મેદાનમાંથી પસાર થતી નથી પરંતુ જરૂર મુજબ લાઈનને ખસેડવાની કામગીરી પણ કરવામાં આવશે. હાલ વર્ષો જુના સ્ટેડિયમનો કડુસલો બોલાવામાં આવી રહયો છે. જીમખાનાના ક્રિકેટ સ્ટેડિયમને નવુ અને અદ્યતન ઢબે વિકસાવવા માટે નિષ્ણાંતોનો અભિપ્રાય પણ લેવામાં આવ્યો છે. જયારે આ યોજના અન્વયે ક્રિકેટની નવી પીચ પણ તૈયાર કરવામાં આવશે. જયારે ખેલાડીઓ માટે રહેવાના રૂમ પણ બનશે. આગામી દિવસોમાં આ મેદાન પર રણજીટોફી સહીત અન્ય ઉચ્ચ કક્ષાની મેચ રમી શકાય તે મુજબની પેટર્ન પર મેદાનને વિકસાવામાં આવશે.



## જાહેર નિવિદા

મહિલા અને બાળ વિકાસ વિભાગ, બ્લોક નં. ૯, છઠ્ઠે માળ, સચિવાલય, ગાંધીનગરની ઝેરોક્ષની કામગીરીનો કોન્ટ્રાક્ટ આપવા બાબતે નીચે મુજબ ભાવપત્રક મંગાવવામાં આવે છે.

(૧) એક નવું કોપીયર મશીન, ઓપરેટર સાથે વિભાગમાં મુકવાનું રહેશે.
(૨) કોન્ટ્રાક્ટ માટેના ટેન્ડર ફોર્મ વિભાગની 'ક' મહેકમ શાખામાંથી મેળવવાના રહેશે.
(૩) 'ઝેરોક્ષ નકલ કાઢવાનું ભાવપત્રક' તેવું લખાણવાળા બંધ કવરમાં જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન-૭માં સ્પીડ પોસ્ટ / રજી.પો.એ.ડી.થી સીલબંધ કવરમાં મોકલી આપવાના રહેશે. સ્પીડ પોસ્ટ / રજી.પો.એ.ડી.થી સીલબંધ કવર સિવાયના ભાવપત્રકો સ્વીકારવામાં આવશે નહીં. ઈજારો મેળવવા ઈચ્છુક માત્ર ગાંધીનગર સ્થિત સ્થાનિક સંસ્થા દ્વારા ભાવની દરખાસ્ત નિયત ટેન્ડર ફોર્મમાં કરવાની રહેશે જે પરત ખેંચી શકાશે નહીં. ટેન્ડરરે ઈ.એમ.ડી. તરીકે રૂ. ૫૦૦૦/- (પાંચ હજાર)ની રકમ ટેન્ડર સાથે ઉપસચિવશ્રી મહિલા અને બાળ વિકાસ વિભાગના નામે ડીમાન્ડ ડ્રાફ્ટ / પે ઓર્ડરથી જમા કરાવવાની રહેશે.
(૪) ઉક્ત બાબતે વિભાગ દ્વારા ફક્ત મશીન મુકવાની જગ્યા, વિજળી પુરા પાડવામાં આવશે, તે સિવાયની અન્ય તમામ જરૂરીયાતો કોન્ટ્રાક્ટરે પુરી પાડવાની રહેશે.
(૫) અન્ય શરતો વિભાગ જે નક્કી કરે તે કોન્ટ્રાક્ટરે માન્ય રાખવાની રહેશે.
(૬) વાટાઘાટો માટે લઘુત્તમ ભાવ દરખાસ્ત કરનાર (L-1) ટેન્ડરને બોલાવવામાં આવશે.

ટેન્ડર ફોર્મ બંધ કવરમાં ઉપસચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના બ્લોક નં.૯, છઠ્ઠા માળે, સચિવાલય, ગાંધીનગરને મોકલી આપવા.

સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ
૯/૬, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર

માહિતી/૮૭૭/૧૭-૧૮

## જાહેરાત

બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન (બરોડા આરસેટી) ગાંધીનગરના કાર્યાલય માટે છ માસના કરાર આધારીત ઉચ્ચક મહેનતાણાથી નીચે જણાવેલ જગ્યા માટે અરજીઓ મંગાવવામાં આવે છે.

**(૧) ઈન હાઉસ ફેકલ્ટી - જગ્યા-૧**

**લાયકાત :** માન્ય યુનિવર્સિટીના સ્નાતક /અનુસ્નાતક જેવા કે એમ.એસ. ડબલ્યુ / ગ્રામીણ વિકાસમાં એમ.એ. / સમાજશાસ્ત્રમાં એમ.એ. / મનોવિજ્ઞાનમાં એમ.એ. / બી.એસ.સી. (વેટરનરી), બી.એસ.સી. (બાગાયત) બી.એસ.સી. (કૃષિ) બી.એસ.સી. (કૃષિ માર્કેટીંગ) / બી.એ. સાથે બી.એડ. વિગેરે

શિક્ષણ માટેની સ્વાભાવિક અભિરૂચિ અને કમ્પ્યુટરનું નક્કર જ્ઞાન હોવું જરૂરી છે.

ગુજરાતી ભાષામાં ઉત્તમ સંપ્રેષણ ક્ષમતા જરૂરી છે. અંગ્રેજી અને હિન્દીની કુશળતા વધારાની લાયકાત ગણવામાં આવશે.

ગુજરાતી ભાષામાં ટાઈપીંગનું નક્કર જ્ઞાન જરૂરી છે.

હિન્દી/અંગ્રેજી ભાષામાં ટાઈપીંગનું જ્ઞાન વધારાની લાયકાત ગણવામાં આવશે.

અગાઉના ફેકલ્ટી તરીકેનો અનુભવને પ્રાધાન્ય અપાશે.

**ઉંમર :** તારીખ : ૩૦/૬/૨૨૦૧૭ના રોજ ૨૨ વર્ષથી ૪૦ વર્ષ

**પગાર :** માસિક રૂ. ૨૦,૦૦૦/- અને નિયમાનુસાર મુસાફરી ભથ્થું.

**પસંદગીની પ્રક્રિયા :-**

(૧) લેખિત પરીક્ષા : ઉમેદવારનું સામાન્ય જ્ઞાન અને કોમ્પ્યુટરની ક્ષમતાના મૂલ્યાંકન હેતુ.
(૨) વ્યક્તિગત ઈન્ટરવ્યુ : ઉમેદવારની સંપ્રેષણ ક્ષમતા (ઝ્‌દ્વદ્બદ્બેહૈષ્ઠટ્ઠૈંહ જીૌઙ્ઘઙ્ઘ), નેતૃત્તવ ગુણવત્તા, વૃત્તિસ્થિતિ, પ્રશ્નો ઉકેલવાની ક્ષમતા અને તાલીમાર્થીઓ સાથે વિચાર વિમર્શની ક્ષમતા તથા વિકાસ પ્રત્યેના અભિગમના મૂલ્યાંકન હેતુ.
(૩) પ્રદર્શન અને રજૂઆત : શિક્ષણ આપવાની કુશળતા અને સંપ્રેષણ ક્ષમતાના મૂલ્યાંકન હેતુ.

રસ ધરાવતા ઉમેદવારોએ ઉપરોક્ત જગ્યા માટેની અરજી તા. ૨૦/૭/૨૦૧૭ સાંજે ૫-૦૦ વાગ્યા સુધી સાદી ટપાલ દ્વારા નિયામકશ્રી બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન (આરસેટી), બ્લોક નં. ૧૨૫/૧/૨, ઘ-ટાઈપ, સેક્ટર-૨૧, ગોવર્ધનનાથ હવેલી મંદિર પાસે, રીંગરોડ, ગાંધીનગર-૩૮૨૦૨૧, ફોન નં. ૦૭૯-૨૩૨ ૪૬૨૦૪ ને જરૂરી દસ્તાવેજોની પ્રમાણિત નકલો જેવી કે ઉમેદવારની શૈક્ષણિક લાયકાત, અનુભવ, ઉંમર વિગેરે સહિત મોકલવાની રહેશે. ઉપરોક્ત સમય મર્યાદાબાદ મળેલ તથા અધૂરી માહિતી વાળી અરજી સ્વિકારવામાં આવશે નહિ અને એવા ઉમેદવારની અરજી રદ ગણવામાં આવશે. અરજી મળવામાં કોઈ વિલંબ માટે સંસ્થા જવાબદાર રહેશે નહિ. અરજીના કવર ઉપર કરાર આધારિત 'ઈન હાઉસ ફેકલ્ટી માટેની જગ્યા' એમ લખવું.

બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન અરજીની ચકાસણી / પસંદગી સૂચિ માટેનો અધિકાર અનામત રાખે છે.

**તારીખ : ૨૮/૬/૨૦૧૭** **નિયામક**

**માહિતી/૮૭૨/૧૭-૧૮**


## ચીન સરહદે

● અનુસંધાન પહેલાનું ચાલુ

બુલડોઝરનો ઉપયોગ કરીને સિક્કિમમાં ભારત, ચીન અને ભૂટાનના સ્થળે ભારતીય ચોકીના બંકરને દૂર કરી દેવામાં આવ્યો છે. સિક્કિમમાં ધોકાલા જનરલ વિસ્તારમાં જુનના પ્રથમ સપ્તાહમાં આ બનાવ બન્યો હતો. ભારત ચીન સરહદ ઉપર હજુ પણ વિસ્ફોટક સ્થિતિ પ્રવર્તી રહી છે. સિક્કિમ, ભુટાન તિબેટ સાથે જોડાયેલા ધોકાલા વિસ્તારમાં સૌથી વધારે તંગ સ્થિતિ છે. બંને દેશોના જવાનો મોરચા સંભાળી ચુક્યા છે. સેનાએ સંઘર્ષને લઈને કોઈ ટિપ્પણી કરી નથી પરંતુ સુત્રોએ કહ્યું છે કે, ચીની સેનાના જવાનો વિવાદાસ્પદ વિસ્તારમાં માર્ગ નિર્માણના ભારે વજનવાળા વજનની સાથે હાથ ધરાવે છે. ૨૦મી જૂનના દિવસે બંને દેશોના કમાન્ડરો વચ્ચે ફલેગ મિટિંગ થઈ હતી પરંતુ તે ફલોપ રહી હતી. સ્થિતિ તંગ છે પરંતુ કાબૂ હેઠળ છે.

## મીરાકુમારે

● અનુસંધાન પહેલાનું ચાલુ

મીરા કુમારે જ્યારે લોકસભા સચિવને ઉમેદવારી પત્રક્ષો સોંપ્યા ત્યારે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી, પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ પણ હાજર રહ્યા હતા. કોંગ્રેસ શાસિત રાજ્યોના મુખ્યપ્રધાનો પણ હાજર રહ્યા હતા. મીરા કુમારે જ્યારે લોકસભા સચિવને ઉમેદવારીપત્ર સુપરત કર્યા ત્યારે કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી, પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ, વરિષ્ઠ કોંગ્રેસી નેતા મલ્લિકાર્જુન ખડગે, એનસીપીના પ્રમુખ શરદ પવાર જેવા નેતા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સમાજવાદી પાર્ટીના નરેશ અગ્રવાલ, બહુજન સમાજ પાર્ટીના સતિષ મિશ્રા, ડાબેરી નેતા સીતારામ યેચુરી જેવા નેતા પણ ઉપસ્થિત રહ્યા હતા.

## જીએસટીનું

● અનુસંધાન પહેલાનું ચાલુ

જીડીપીમાં ૧.૫ ટકાથી લઈને બે ટકા સુધીનો સુધારો થઈ જશે. હાલમાં સર્વિસ ટેક્સથી મુક્ત તબીબી અને શિક્ષણ જેવી સેવાને જીએસટીની હદથી બહાર રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આવી જ રીતે ખાદ્યાન ચીજવસ્તુઓ, શાકભાજી, દુધ અને અન્ય કેટલીક વસ્તુઓ પર જીએસટી લાગુ થનાર નથી. કેટલાક નિષ્ણાંતો કહી રહ્યા છે કે જીએસટીનો મુખ્ય હેતુ મોંઘવારી પર કાબુ મેળવી લેવાનો છે. મધ્યમથી લઈને ટોન્ગ ટર્મ સુધધી મોટા ભાગે તમામ પેદાશો અને સર્વિસની કિંમતો ઓછી થઈ જશે. અન્ય નિષ્ણાંતો કહી રહ્યા છે કે જીએસટી બિલકુલ સરળ અને સ્પષ્ટ છે. આનો હેતુ ટેક્સ ભરવાની બાબતને ફરજિયાત કરવાની ખાતરી કરવાનો પણ છે. કરવેરાના બિનજરૂરી બોજને ઘટાડીને ગ્રાહકોને સીધો લાભ આપશે.

સિનેમા, થિએટરો, કેબલ અને ડીટીએચ સર્વિસ સસ્તી થાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. દવાઓની કિંમત પણ ઘટશે કારણ કે ૧૪ ટકાના ટેક્સની સામે આ ટેક્સ ૧૨ ટકા થશે. પહેલી જુલાઈથી ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ એસીની ટીકીટ મોંઘી થશે. ઉપનગરીય રેલ સેવાઓમાં ફર્સ્ટ ક્લાસ ટિકિટમાં પણ ખર્ચ વધી જશે. બેંકિંગ સેવાઓ મોંઘી થશે.

## ગુજરાત યાત્રા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્યારબાદ આજી ડેમ સાઈટ ઉપર જશે. સાંજે તેમના જુદા જુદા કાર્યક્રમો રહેલા છે. છથી સાત વાગ્યા સુધી આજી ડેમ ખાતે જાહેર કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. સૌની સ્કીમ હેઠળ નર્મદા નદીમાંથી પાણી સાથે આજી ડેમને ભરવામાં આવશે. મોડેથી આજી ડેમથી એરપોર્ટ સુધી રોડ શોનું આયોજન કરવામાં આવ્યું છે. આગલા દિવસે મોદી ઉત્તર ગુજરાતમાં અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં જશે જ્યાં ૫૫૨ કરોડ રૂપિયાના બે પાણી પુરવઠા પ્રોજેક્ટનું ઉદઘાટન કરશે. ત્યારબાદ તેઓ સ્થળ ઉપર જાહેર કાર્યક્રમ પણ યોજનાર છે. તેઓ ગાંધીનગરમાં મહાત્મા ગાંધી મંદિરમાં ઈન્ટરનેશનલ ટેક્સટાઈલ કોન્ફરન્સ એન્ડ એજ્યુકેશનમાં ભાગ લેશે. ૨૯મી જૂનના દિવસે રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે ભવ્ય કાર્યક્રમ યોજાશે જેમાં હજારોની સંખ્યામાં દિવ્યાંગોને સાધન સહાયતા આપવામાં આવશે જે ૩૫ કરોડની કિંમતની સાધન સહાયતા હશે. તાજેતરના વર્ષોના સૌથી મોટા કેમ્પ તરીકે આને ગણવામાં આવે છે. મોદીના આજી ડેમ ખાતેના કાર્યક્રમની પણ તૈયારી કરી લેવામાં આવી છે.

## પેન લિંકને

● અનુસંધાન પહેલાનું ચાલુ

કહેવામાં આવ્યુ છે. કેન્દ્ર સરકારે પહેલી જુલાઈથી અમલી બને તે રીતે વ્યક્તિગતના પેન સાથે આધાર નંબરને લિંક કરવાની બાબતને ફરજિયાત બનાવી દીધી છે. રેવેન્યુ વિભાગે કહ્યું છે કે, પહેલી જુલાઈ ૨૦૧૭ સુધી જે લોકોને પેનની ફાળવણી કરવામાં આવી છે તે લોકોને આધાર નંબર સાથે જોડી દેવાની જરૂર રહેશે. કલમ ૧૩૯ એએની પેટા કલમ ૨ની જોગવાઈ મુજબ આગળ વધવું પડશે.


